# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **કચ્છમાં માદક પદાર્થ વિરોધી કાર્યદળની નવી કચેરી શરૂ કરાશે - રાજ્ય પોલીસ વડાની જાહેરાત.**
2. **સુરતમાં પાંચ શખ્સ વિરૂદ્ધ એક હજાર 900 કરોડ રૂપિયાની છેતરપિંડીનો ગુનો દાખલ કરાયો**
3. **રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આજથી મોટાપાયે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાશે.**
4. **આગામી ત્રણ દિવસ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા**
5. **કચ્છના ગાંધીધામ ખાતે રાષ્ટ્રીયકક્ષાની જુનિયર ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# DGP KUTCH

રાજ્ય પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવે તાજેતરમાં કચ્છની બે દિવસીય મુલાકાત દરમિયાન માદક પદાર્થની દાણચોરી સામે રાજ્યની શૂન્ય-સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કરી તેને ગંભીર સામાજિક ખતરો ગણાવ્યો. તેમણે ટૂંક સમયમાં ભુજમાં, માદક પદાર્થ વિરોધી કાર્યદળની નવી કચેરી સ્થાપવાની જાહેરાત કરી.

## બાઇટ : ડૉ. કે.એલ.એન. રાવ, DGP

---

# SURAT FRAUD

સુરતમાં પાંચ શખ્સ વિરૂદ્ધ એક હજાર **900** કરોડ રૂપિયાની છેતરપિંડીનો ગુનો દાખલ કરાયો છે. ગુજરાત વડી અદાલતના આદેશ બાદ સુરત આર્થિક ગુના શાખાએ આ કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ કંપનીમાં ખોટી સહીઓ અને બનાવટી ડિજિટલ દસ્તાવેજો દ્વારા એક હજાર **928** કરોડથી રૂપિયાની વધુની છેતરપિંડી કરાઇ હોવાનું સામે આવ્યું છે.

---

## SANGHAVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ યુવાઓ અને બાળકોને ધર્મ અને સમાજ સાથે સાંકળવા અને જ્ઞાન સાથે સંસ્કાર આપવાના આચાર્ય યશોવર્મ સૂરીશ્વરજીના યોગદાનની સરાહના કરી.

સુરતના વેસુ ખાતે આચાર્ય ભગવંત વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહમાં સહભાગી બનતા શ્રી સંઘવીએ કહ્યું , સુરતની પાવન ભૂમિ પર હજારો લોકોને જૈનાચાર્ય અભયદેવસૂરી અને વિજય યશોવર્મસૂરીશ્વરજીનો લાભ મળી રહ્યો છે.

શ્રી સંઘવીએ યશોવર્મ સુરિશ્વર મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન કાર્યક્રમનું યજમાન પદ સુરતને આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

### બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

## RAJKOT DEMOLITION

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આજથી મોટા પાયે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાશે. અંદાજે એક હજાર 400 જેટલા દબાણ દૂર કરવામાં આવશે જેને લઈ તંત્ર દ્વારા એક કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરાયો છે. જેની મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ મુલાકાત લીધી હતી.

તેમણે જણાવ્યું, દબાણ હટાવવાની કામગીરી અગાઉ 700 જેટલા આવાસ ખાલી કરાવાયા છે.

### બાઇટ : તુષાર સુમેરા, મ્યુનિસિપલ કમિશનર

---

# MORBI ACCIDENT

મોરબીના રાપર ગામ નજીક નાળામાં કાર ખાબકતા બે યુવાનોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે , કારના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર નાળામાં ખાબકી હતી. બંને મૃતુદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયા છે.

બંને યુવક મોરબીના મહેન્દ્રનગર ગામના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# NIMUBEN BAMBHANIYA - NAGALEND PRAVAS

ભાવનગરના સાંસદ અને ગ્રાહક બાબતો , ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા ત્રણ દિવસ નાગાલેન્ડના પ્રવાસે છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરપૂર્વી વિસ્તાર દેશની વિકાસ યાત્રામાં પ્રાથમિકતા ક્ષેત્ર તરીકે ઉભર્યો છે અને “ન્યૂ ઈન્ડિયા”ના વિઝનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

દિમાપુર જિલ્લામાં એક જાહેર કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું કે , કેન્દ્ર સરકારની યોજનાઓ ગરીબ, ખેડૂત, યુવા અને મહિલાઓ – આ ચાર મુખ્ય સ્તંભોને કેન્દ્રમાં રાખીને અમલમાં મૂકાઈ રહી છે , જેથી સમાવેશી અને સમતોલ વિકાસ સુનિશ્ચિત થાય. આ મુલાકાત દરમિયાન સુશ્રી નિમુબેને આયોઇમતિ ગામે આંગણવાડી કેન્દ્ર, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને જલ જીવન મિશન પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું. કુડા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો તેમજ

પદમપુખુરી ગામે સ્વસહાય જૂથોની બહેનો સાથે બેઠક યોજીને સંવાદ કર્યો હતો. તેમણે સ્થાનીય સરપંચ અને કાઉન્સિલ સભ્યો સાથે પણ સંવાદ કર્યો હતો.

---

## MONANK PATEL - MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પ્રસારિત થયેલ "મન કી બાત" કાર્યક્રમની 131મી કડીમાં મૂળ આણંદના અને હાલની અમેરિકન ક્રિકેટ ટીમનાં કેપ્ટન મોનાંક પટેલનો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીના આ શબ્દોથી પરિવારજનોમાં ગૌરવની લાગણી અને ખુશીની લહેર પ્રસરી હતી.

ઉલ્લેખનીય છે કે, આણંદમાં જન્મેલા મોનાંક પટેલેને ક્રિકેટનાં શોખનો વારસો ગળથુથીમાં જ મળ્યો હતો. વર્ષ 2016થી અમેરિકામાં સ્થાયી થયેલ મોનાંક , 2018માં અમેરિકાની ક્રિકેટ ટીમમાં વિકેટ કિપર તરીકે સામેલ થયા ત્યારબાદ તેમને વર્ષ 2021માં અમેરિકાની ક્રિકેટ ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા હતા.

---

## DWARAKA FULDOL

યાત્રાધામ દ્વારકામાં ફુલડોલ ઉત્સવના સુચારુ આયોજન અંગે જામ ખંભાળીયાના પ્રાંત અધિકારી કે.કે. કરમટાની અધ્યક્ષતામાં સેવા કેમ્પોના સંચાલકો સાથે બેઠક યોજાઇ. જેમાં સેવા કેમ્પમાં સ્વચ્છતા જાળવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અનુરોધ કરાયો.

આ અંગે શ્રી કરમટાએ જણાવ્યું , હોળીના તહેવાર પર બહોળી સંખ્યામાં આવતા પદયાત્રિકો માટે હાઇવે પર માર્ગ સલામતી અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

## બાઇટ: કે.કે. કરમટા, પ્રાંત અધિકારી

---

## WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં ઠંડીનો અનુભવ થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. જ્યારે સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે.

અમદાવાદમાં મહત્તમ 35 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન રહી શકે છે.

---

## GANDHIDHAM TABLETENNIS

કચ્છના ગાંધીધામ ખાતે ઇન્ટર સ્ટેટ સબ જુનિયર અને કેડે નેશનલ ટીટી ટુર્નામેન્ટ યોજાશે. આ સ્પર્ધા 23થી 31મી માર્ચ દરમિયાન ગાંધીધામના સ્વ. એમ.પી. મિત્રા ઇન સ્ટેડિયમ, હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાશે. 13 વર્ષના લાંબા સમયગાળા બાદ ગાંધીધામમાં રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન થઈ રહ્યું છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી એક હજાર કરતાં ખેલાડી ભાગ લેશે.

---

# SURAT FLOWER SHOW

સુરત મહાનગરપાલિકા દ્વારા ફ્લાવર શો યોજાઈ રહ્યો છે. ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મેળાનું ઉદ્ઘાટન કર્યું. પહેલી માર્ચ સુધી ચાલનારા આ મેળા દ્વારા નાગરિકોને સાહિત્ય , બાગાયત અને હસ્તકલાનો અનોખો સંગમ એક જ સ્થળે જોવા, જાણવા અને માણવા મળશે.

આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગાયત્રી જરીવાલાએ વધુ માહિતી આપી.

**બાઇટ : ગાયત્રી જરીવાલા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર**

---

# COMMONWEALTH

કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં રમાવાની જાહેરાત થઈ છે. ત્યારે તેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને રાજ્યના ખેલાડીઓ તેમાં ભાગ લે તે આપણા માટે પણ આનંદની વાત છે.

આ અંગે મેચ રેફરી મહેશ પટેલે પ્રતિક્રિયા આપી.

**બાઈટ – મહેશ પટેલ , રેફરી**

---